# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22.08.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

**************************************************

1. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું ભારતને વૈશ્વિક સ્તરે વિકાસ માટે ઉજ્જવળ સ્થળ તરીકે જોવામાં આવી રહ્યું છે
2. પ્રવાસન સહયોગને મજબૂત બનાવવા માટે બ્રિક્સના પ્રવાસન મંત્રીઓએ જયપુર ઘોષણાપત્ર અપનાવ્યું
3. ભારત અને નેપાળે સરહદ વ્યવસ્થાપન અને સુરક્ષાને મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો
4. દેશમાં સ્થાનિક માંગને પહોંચી વળવા ખાંડનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ
5. અંડર-20 વિશ્વ કુશ્તી ચેમ્પિયનશિપમાં ભારતની કાજલ ઢોચકે મહિલાઓની 76 કિલો વજનવર્ગમાં સુવર્ણ ચંદ્રક જીત્યો

................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM ECONOMIC FORUM

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે વૈશ્વિક આર્થિક પડકારો વચ્ચે ભારતને વૈશ્વિક સ્તરે વિકાસ માટે એક ઉજ્જવળ સ્થળ તરીકે જોવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ અનુસાર , ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા રહેશે.

નવી દિલ્હીમાં ઇકોનોમિક ટાઇમ્સ વર્લ્ડ લીડર્સ ફોરમને સંબોધતા , પ્રધાનમંત્રીએ  કહ્યું કે ભારત ની વિકાસ ગતિ જાળવી રાખવા માટે સરકાર સતત પગલાં લઈ રહી છે.

## (BYTE: PM ON REFORM)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારતે છેલ્લા 10 થી 12 વર્ષમાં 25 કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢ્યા છે. સરકાર સુધારાઓ માટે પ્રતિબદ્ધ છે.

## (BYTE: PM ON FUTURE)

પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારત હંમેશા સહિયારા ભવિષ્યની ભાવનામાં વિશ્વાસ રાખે છે.

## (BYTE: PM ON UP-DOWNS)

# BRICS TOURISM MINS MEETING

ભારતની અધ્યક્ષતામાં ગઈકાલે જયપુરમાં યોજાયેલી બ્રિક્સ પ્રવાસન મંત્રીઓની બેઠક જયપુર ઘોષણાપત્રને સર્વાનુમતે મંજૂરી સાથે પૂર્ણ થઈ.

જયપુર ઘોષણાપત્રમાં કૃત્રિમ બુદ્ધિમત્તા , પર્યાવરણને અનુકૂળ પર્યટન , કૌશલ્ય વિકાસ અને બ્રિક્સ દેશોમાં અનુકૂળ મુસાફરી જેવા ક્ષેત્રો પર ભાર મૂકવામાં આવ્યો છે.

આ બેઠકની અધ્યક્ષતા કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત દ્વારા કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે 2047 સુધીમાં વિકસિત ભારતનું લક્ષ્ય પ્રાપ્ત કરવામાં પર્યટન મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. પર્યટન માત્ર શહેરોમાં જ નહીં પરંતુ ગામડાઓ અને દૂરના વિસ્તારોમાં પણ રોજગાર અને વિકાસની તકો ઉભી કરી શકે છે. શ્રી શેખાવતે જણાવ્યું કે છેલ્લા દસ વર્ષમાં ભારતની મુલાકાત લેનારા પ્રવાસીઓની સંખ્યામાં ત્રણ ગણો વધારો થયો છે. અને જયપુર ઘોષણાપત્રથી બ્રિક્સ દેશો વચ્ચે સહયોગ વધારશે અને પર્યટન ક્ષેત્રમાં નવી તકો ઉભી કરશે.

# BRICS YOUTH AND SPORTS MEETING

ભારતની યજમાનીમાં બ્રિક્સ યુવા મંત્રીઓ અને રમત મંત્રીઓની બેઠકો આજથી આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં શરૂ થશે.

બ્રિક્સ યુવા બાબતોના મંત્રીઓની બેઠક આજે યોજાશે , જ્યારે બ્રિક્સ રમત ગમત મંત્રીઓની બેઠક આવતીકાલે યોજાશે.

આ બેઠકોની અધ્યક્ષતા યુવા બાબતો અને રમત ગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા કરશે. રાજ્ય મંત્રી રક્ષા ખડસે પણ હાજરી આપશે. યુવા બાબતોના મંત્રીઓની બેઠકમાં યુવા વિકાસ, શિક્ષણ, કૌશલ્ય, રોજગાર અને ઉદ્યોગસાહસિકતા જેવા મુદ્દાઓ પર ચર્ચા થશે. રમત ગમત મંત્રીઓની બેઠકમાં , 11 બ્રિક્સ દેશોના મંત્રીઓ અને પ્રતિનિધિઓ રમતગમતમાં પરસ્પર સહયોગ વધારવા પર ચર્ચા કરશે.

# INDIA-NEPAL JWG MEETING

ભારત અને નેપાળે સરહદ વ્યવસ્થાપન અને સુરક્ષાના ક્ષેત્રમાં સહયોગ મજબૂત કરવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે. દેહરાદૂનમાં ભારત-નેપાળ સંયુક્ત કાર્યકારી જૂથની 14મી બેઠકમાં બંને દેશોએ પરસ્પર સહયોગના વિવિધ મુદ્દાઓની સમીક્ષા કરી.

આ બે દિવસીય બેઠકમાં સરહદ પારના ગુના અટકાવવા , સરહદી માળખાગત સુવિધાઓને મજબૂત બનાવવા, માર્ગ અને રેલ જોડાણ, અતિક્રમણ દૂર કરવા અને સરહદો જાળવવા જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. બંને પક્ષોએ વિવિધ ક્ષેત્રોમાં પરસ્પર સંકલન અને ક્ષમતા નિર્માણ વધારવા પર પણ વિચારોની આપલે કરી અને આ મુદ્દાઓ પર ચર્ચા ચાલુ રાખવા સંમત થયા.

# INDIA-UK DEFENCE TIES

ભારત અને બ્રિટન સંયુક્ત લશ્કરી કવાયતો, તાલીમ અને કૌશલ્ય વૃદ્ધિ દ્વારા બંને દેશોના સૈન્ય વચ્ચે સહયોગ વધારવા સંમત થયા છે.

નવી દિલ્હીમાં ભારત-બ્રિટન સંરક્ષણ સલાહકાર જૂથની 25મી બેઠકમાં, બંને દેશોએ સંરક્ષણ ક્ષેત્રમાં કરાઇ રહેલા સહયોગની સમીક્ષા કરી. બંને દેશોએ ભારત-પેસિફિક ક્ષેત્રમાં દરિયાઈ સુરક્ષા સહયોગ વધારવા પર પણ ભાર મૂક્યો અને પરસ્પર સુરક્ષા અને વ્યૂહાત્મક સ્વાયત્તતા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# WB AMIT SHAH

ગૃહમંત્રી અમિત શાહે પશ્ચિમ બંગાળમાં ભારત-બાંગ્લાદેશ સરહદ પર વાડ કરવા માટે સરહદ સુરક્ષા દળ અને સશસ્ત્ર સીમા દળને 1 હજાર 129 એકર જમીન ફાળવવાના રાજ્ય સરકારના નિર્ણયની પ્રશંસા કરી છે.

તેમણે કહ્યું કે , નવી સરકાર બન્યાના 45 દિવસની અંદર આ જમીન ફાળવવામાં આવી છે . સરહદ પર વાડ માટે જરૂરી જમીનની વિનંતી 2014 થી પેન્ડિંગ હતી. સિલિગુડીમાં એક કાર્યક્રમમાં બોલતા શ્રી શાહે જણાવ્યું હતું કે , ઘૂસણખોરી અટકાવવા અને રાષ્ટ્રીય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સરહદ પર વાડ કરવી જરૂરી છે. તેમણે ઉમેર્યું કે સરકાર ગેરકાયદેસર ઘુસણખોરી સામે તેની શૂન્ય-સહિષ્ણુતા નીતિ ચાલુ રાખશે.

# GOVT SUGAR PRICE

સરકારે જણાવ્યું છે કે દેશમાં સ્થાનિક માંગને પહોંચી વળવા માટે પૂરતો ખાંડનો સ્ટોક ઉપલબ્ધ છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે , તાજેતરમાં ખાંડના ભાવમાં વધારો ઇથેનોલ ઉત્પાદન માટે ખાંડના ઉપયોગને કારણે નથી. ઓછું ઉત્પાદન , તહેવારો પહેલા માંગમાં વધારો, ખરાબ હવામાનને કારણે શેરડીના પાકને નુકસાન અને કેટલાક વેપારીઓ દ્વારા સંગ્રહખોરી જેવા પરિબળોને કારણે ભાવમાં વધારો જોવા મળ્યો છે.

ખાંડના ભાવમાં વધારાને ધ્યાનમાં રાખી , પૂરતી ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા અને ભાવ સ્થિર કરવા સરકારે ઘણા પગલાં લીધાં છે.

પ્રસ્તુત છે એક અહેવાલ.........

(V/C:ANAND)

# WRESTLING WORLD CUP

સ્લોવાકિયામાં ચાલી રહેલી અંડર-20 વિશ્વ કુશ્તી ચેમ્પિયનશિપમાં ભારતની કાજલ ઢોચકે મહિલાઓની 76 કિલો વજનવર્ગમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે . 18 વર્ષીય કાજલે ફાઇનલમાં ચીનની જિંગરુ સુનને 7-0થી હરાવીને વૈશ્વિક ખિતાબ જીત્યો.

કાજલે અગાઉ 2024માં અંડર-17 વર્લ્ડ ચેમ્પિયનશિપ અને 2025માં અંડર-20 વર્લ્ડ ચેમ્પિયનશિપ જીતી હતી. ભારતની તનુ શર્મા અને સવિતાએ પણ આ સ્પર્ધામાં રજત ચંદ્રક જીત્યા છે.

# HOCKEY WORLD CUP

ભારત આજે FIH પુરુષ હોકી વિશ્વ કપના બીજા તબક્કામાં યજમાન નેધરલેન્ડ્સ સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

અગાઉ પાકિસ્તાન પર 5-3થી શાનદાર વિજય સાથે, ભારતે પૂલ Dમાં બીજું સ્થાન મેળવ્યું છે.

દરમિયાન ભારતીય મહિલા ટીમ હોકી વિશ્વ કપના પોતાના પહેલા મુકાબલામાં નેધરલેન્ડ્સ સામે 0-2થી હારી ગઈ છે.

# NEERAJ CHOPRA LAUSANNE DL

ભારતીય ભાલા ફેંક ખેલાડી નીરજ ચોપરાએ લૌઝેન ડાયમંડ લીગમાં રજત ચંદ્રક જીત્યો છે. તેઓ 88.05 મીટરના થ્રો સાથે બીજા સ્થાને રહ્યો. શ્રીલંકાના રમેશ થરંગા પથિરાજાથીએ 88.14 મીટરના થ્રો સાથે પ્રથમ સ્થાન મેળવ્યું. એન્ડરસન પીટર્સ 86.69 મીટરના થ્રો સાથે ત્રીજા સ્થાને અને કેશોર્ન વોલકોટ 83.71 મીટરના થ્રો સાથે ચોથા સ્થાને રહ્યા.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિત્તલ પટેલ

- આજે મોટાભાગના અખબારોએ અલગ-અલગ સમાચારોની હેડલાઇન બનાવી છે.
- ગુજરાત સમાચારે પેહલા પાને ઝેન જી ના દેખાવો સરકારની નિ ષ્ફળતાનું પરિણામ તેમજ પેલેટ ગન કેસમાં ભીંસમાં આવેલી દિલ્લી પોલીસ અંતે એફઆઈઆર નોંધવી પડીના સમાચાર છાપ્યા છે .
- દિવ્ય ભાસ્કરે લખ્યું- જમીન પચાવી પાડવા ખેલ: જશોદાબેન સ્વર્ગે સિધાવ્યા અને 6 વર્ષે જમીનની માપણી માટે ધરતી પર આવ્યા તેમજ આઇ ફોનની જિદમાં પુત્ર કૂદી પડ્યો, સાથે પિતા અને મા તાએ જીવ આપ્યો આ સમાચાર તસવીર સાથે છાપ્યા છે
- નવગુજરાત સમયે લખ્યું આકરા પ્રતિબંધો લાદી ઇરાનમાં આર્થિક પ્રલય લાવીશું: ટ્રમ્પ
- આ ઉપરાંત સ્થાનિક સમાચારોમાં અમદાવાદ સાયન્સ સિટી ખાતે બે પેન્ગવિનનો ઉમેરો તેમજ રાજ્યભરમાં યોજાયેલી ફૂડ ડ્રાઇવના સમાચારો વાંચવા મળી રહ્યા છે.